सत्यमेव जयते

| | | |
|---|---|---|
| દાખલ તારીખ | :– | ૨૧/૧૦/૨૦૨૪ |
| રજીસ્ટર તારીખ | :– | ૨૧/૧૦/૨૦૨૪ |
| નિકાલ તારીખ | :– | ૦૯/૦૪/૨૦૨૬ |
| વીતેલો સમય | :– | વર્ષ માસ દિન |

**આણંદ જીલ્લાના મહે. ત્રીજા અધિક સેશન્સ જજ સાહેબની અદાલતમાં, મુ. પેટલાદ.**

**સેશન્સ કેસ નંબર : ૨૨/૨૦૨૪.**

**આંક–**

**શ્રી સરકાર ... ફરીયાદી**

**વિરૂધ્ધ**

**(૧) ફરહાનોદીન ઉર્ફે કાટી જાકીરોદીન શેખ, ... આરોપી**
**ઉ.વ.૨૭ રહે. પેટલાદ, ખતીબવાડા, નુરી મસ્જીદ પાસે, તા.પેટલાદ, જી.આણંદ.**

**(૨) માહીરોદીન ફરીદોદીન ઉર્ફે દાઢી શેખ, ઉ.વ.૨૬**

**(૩) ફરીદોદીન ઉર્ફે દાઢી સફીયોદીન શેખ, ઉ.વ.૫૧.**

**(૪) ઈરફાનોદીન ઉર્ફે ભુરો નાજીમુદીન કાજી, ઉ.વ.૩૬.**

**(૫) નાસીરોદીન ઉર્ફે નાસીરમીયા નાજીમમીયા ઉર્ફે મુનરોદીન શેખ, ઉ.વ.૨૯.**

**તમામ રહે. પેટલાદ, તાઈવાડા ઉંચી શેરી, તા.પેટલાદ, જી.આણંદ.**

**(૬) રફીકોદીન ઉર્ફે કાળીયો સજાઉદીન ઉર્ફે કાળુમીયા શેખ, ઉ.વ.૩૬.**

**(૭) મુસ્તકીમોદીન ઉર્ફે ભુરીયો જહીરોદીન શેખ, ઉ.વ.૫૮.**

**(૮) સાહેબમીયા ઉર્ફે ભડકો ઉર્ફે સોયેબમોહંમદ મુસ્તકીમોદીન શેખ, ઉ.વ. ૨૫.**

**ત્રણેય રહે. પેટલાદ, ખતીબવાડા, જી.આણંદ.**

**(૯) મોહંમદસોફીન ઉર્ફે ખટી સલીમોદીન શેખ, ઉ.વ.૨૫.**

**રહે. પેટલાદ, મલેકવાડા, નુરી મસ્જીદ સામે, જી.આણંદ.**

---

**આરોપ – ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭,૩૨૪,૩૨૩, ૫૦૪, ૫૦૬(૨),૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ.**

---

**સમક્ષ :– શ્રી ઝંખના વી. ત્રિવેદી, ત્રીજા અધિક સેશન્સ જજ, પેટલાદ.**

---

ફરીયાદપક્ષ તરફે :– વિ.એડી.પી.પી.શ્રી. જે.એચ.રાઠોડ

આરોપીપક્ષ તરફે :– વિ.વ.શ્રી જે.એમ.પઠાણ.

---

<u>–::ઠરાવ::–</u>

**(૧)** આ કામના આરોપીઓ ઉપર ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭, ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હા સબબનું **આંક –૬** થી તહોમતનામુ ફરમાવવામાં આવેલુ છે.

**(૨)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૨૧ /૦૨/૨૦૨૪ ના કલાક ૧૩/૩૦ વાગ્યાના સુમારે મોજે. પેટલાદ, કલાલ

પીપળ ખાતે ફરીયાદીના સસરા લીયાકતમીયા ઉર્ફે એલ.કે. નાઓએ નાસીરોદીન ઉર્ફે નાસીરમીયા નાઓને અગાઉ રૂા.૬૨,૦૦૦/– હાથ ઉછીના આપેલા, જે પૈસાની ફરીયાદીના સસરા લીયાકતમીયા ઉર્ફે એલ.કે. પાસે ઉપરાણી કરતા આરોપી નં. ૫ નાએ બોલાચાલી ઝઘડો કરેલ જેથી આરોપી નં.૫ નાનુ ઉપરાણુ લઈ તમામ આરોપીઓ એકસંપ થઈ જીવલેણ હથિયારો ધારણ કરી ફરીયાદીના પતિ મોહસીનમીયા ને માહીર ફરીદોદીન ઉર્ફે દાઢી તથા રફીક ઉર્ફે કાળીયો કાળુમીયા નાઓએ ધારીયા વડે મારી નાખવાના ઈરાદે માથાના ભાગે ગંભીર ઈજાઓ કરી તેમજ આરોપી ઈરફાન ઉર્ફે ભુરો નાઓએ સ્ટીલની પાઈપ તથા મુસ્તકીમોદીન ઉર્ફે ભુરીયો તથા સાહેબમીયા ઉર્ફે ભડકો તથા મોહંમદસોફીન ઉર્ફે ખટી ચાવળાએ લાકડીઓથી શરીરે માર મારી તથા ફરહાનોદીન ઉર્ફે કાટી એ ચપ્પુ વડે ડાબા પગે જાંઘ ઉપર ઈજા કરી લોહી કાઢી તેમજ ફરીયાદીને ફરીદોદીન ઉર્ફે દાઢી નાઓએ લાકડી માથાના ભાગે ઈજા કરી તથા લીયાકતમીયા ઉર્ફે એલ.કે. ને નાસીરોદીન નાએ લાકડી વડે જમણા ગાલ ઉપર ઈજા કરી તમામ આરોપીઓએ ફરીયાદી સાહેદોને ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી મે. અધિ જીલ્લા મેજી. સાહેબ આણંદ ના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ હોય, આ બાબતે ફરીયાદીએ પેટલાદ ટાઉન પો.સ્ટે. માં ફરીયાદ કરતા પોલીસે તે ફરીયાદ ગુ.રજી. નં.૧૧૨૧૫૦૨૧૨૪૦૦૧૧૧ /૨૦૨૪ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭ ,૩૨૪ ,૩૨૩ , ૫૦૪ , ૫૦૬(૨) ,૧૪૩ , ૧૪૭ ,૧૪૮ ,૧૪૯ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો નોંધી ફરીયાદના આધારે તપાસ કરનાર અમલદારશ્રીએ તપાસ કરતા હાલના કામના આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાય આવતા આરોપીઓ વિરુધ્ધના આક્ષેપીત ગુનાનું ચાર્જશીટ પેટલાદના મહે. જયુ.મેજી.ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં ઈન્સાફી નિકાલ સારૂ રજુ કરવામાં

આવેલ.

ચાર્જશીટમાં દર્શાવવામાં આવેલા ગુનાઓની ટ્રાયલ ચલાવવાની સત્તા માત્ર સેશન્સ અદાલતને હોય, હકુમતવાળા મહે.જયુ.મેજી.ફ.ક.સાહેબશ્રી ધ્વારા હાલનો કેસ અત્રેની સેશન્સ કોર્ટને કમીટ કરેલો.

(૩) આરોપીઓ અદાલત સમક્ષ હાજર થતાં તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો મળ્યાની ખાત્રી કર્યા બાદ આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭ ,૩૨૪ ,૩૨૩ , ૫૦૪ , ૫૦૬(૨) ,૧૪૩ , ૧૪૭ ,૧૪૮ ,૧૪૯ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હા દર્શાવતું તહોમતનામુ **આંક–૬** થી ફરમાવવામાં આવેલ તથા **આંક–૭ થી આંક–૧૫ સુધી** આરોપીઓની પ્લી રેકર્ડ કરતા આરોપીઓએ તહોમતનો ઈનકાર કરી કેસ આગળ ચલાવવાની માંગણી કરતા આરોપીઓ સામેનો હાથ પરનો કેસ સાબીત કરવા ફરીયાદપક્ષનો પુરાવો રજુ કરવા માટે મુકરર કરવામાં આવેલો.

(૪) ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના સાહેદો તપાસેલા છે.

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | મો.સકીલ આફેજઅલી સૈયદ | પંચ સાહેદ | ૧૬ |
| ૨ | સીદીકોદીન જહીરોદીન કાઝી | પંચ સાહેદ | ૧૮ |
| ૩ | અર્ઝનભાઈ નાનજીભાઈ રાઠવા | એફ.એસ.એલ.અધિકારી | ૧૯ |
| ૪ | જીતેશભાઈ મનુભાઈ પટેલ | એન્જિનીયર, પેટલાદ નગરપાલીકા | ૨૧ |
| ૫ | ડો. સંકેત જયંતકુમાર સેવક | એસ.એસ. હોસ્પીટલ પેટલાદ | ૨૫ |

| | | | |
|---|---|---|---|
| ૬ | નટુભાઈ પુનમભાઈ વ્યાસ | પંચ સાહેદ | ૩૨ |
| ૭ | નાજીયાબાનુ મોહસીનમીયા મલેક | ઈજાપામનાર સાહેદ | ૩૬ |
| ૮ | મોહસીનમીયા લીયાકતમીયા મલેક | ઈજાપામનાર સાહેદ | ૩૮ |
| ૯ | લીયાકતમીયા અમીનમીયા મલેક | ઈજાપામનાર સાહેદ | ૪૦ |
| ૧૦ | ટીપુ સુલતાન લીયાકતમીયા મલેક | ઈજાપામનાર સાહેદ | ૩૯ |
| ૧૧ | ઈરફાનમીયા હસુમીયા મલેક | પંચ સાહેદ | ૪૨ |
| ૧૨ | મયુદીનશા મહેબુબશા દિવાન | પંચ સાહેદ | ૪૪ |
| ૧૩ | જાકીરરોદીન નજીરોદીન મલેક | પંચ સાહેદ | ૪૫ |
| ૧૪ | શાહીદરજા હાફીઝોદીન મલેક | પંચ સાહેદ | ૪૭ |
| ૧૫ | અલ્તાબમીયા કાલુમીયા મલેક | પંચ સાહેદ | ૪૯ |
| ૧૬ | ભાવીનકુમાર યોગેશભાઈ રાણા | પંચ સાહેદ | ૫૦ |
| ૧૭ | સોયમહુસેન ઉર્ફે સુલતાન શોકતહુસ ેન શેખ | પંચ સાહેદ | ૫૨ |
| ૧૮ | દિનેશભાઈ શંકરભાઈ પ્રજાપતિ | પંચ સાહેદ | ૫૩ |
| ૧૯ | કનુભાઈ રુડાભાઈ પ્રજાપતિ | પંચ સાહેદ | ૫૮ |
| ૨૦ | ચૈતન્યકુમાર જયેશભાઈ પારેખ | પંચ સાહેદ | ૬૦ |
| ૨૧ | કેતનકુમાર દિલીપભાઈ બ્રહ્મભટ્ટ | પી.આઈ. તારાપુર પોલીસ સ્ટેશન. | ૬૧ |
| ૨૨ | સુરેન્દ્રસિંહ બળદેવસિંહ ઝાલા | પી.એસ.આઈ. આણંદ પોલીસ સ્ટેશન | ૬૩ |
| ૨૩ | ભુપતસિંહ ખોડુભાઈ રાઠોડ | નિવૃત પી.એસ.આઈ. | ૬૪ |

(૫) ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલા છે.

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૭ |
| ૨ | ગુનાવાળી જગ્યાનો નકશો આપવા કરેલ યાદી | ૨૨ |
| ૩ | ગુનાવાળી જગ્યાનો નકશો | ૨૩ |
| ૪ | સાહેદ મોહસીનભાઈનું મેડીકલ સર્ટીફીકેર્ટ. (એસ.એસ. હોસ્પી. પેટલાદ.) | ૨૬ |
| ૫ | ફરીયાદી નાજીયાબાનુનું મેડીકલ સર્ટીફીકેટ.(એસ.એસ. હોસ્પી. પેટલાદ.) | ૨૭ |
| ૬ | સાહેદ ટીપુસુલતાનનું મેડીકલ સર્ટીફીકેટ.(એસ.એસ. હોસ્પી. પેટલાદ.) | ૨૮ |
| ૭ | સાહેદ લીયાકતમીયાનું મેડીકલ સર્ટીફીકેર્ટ. (એસ.એસ. હોસ્પી. પેટલાદ.) | ૨૯ |
| ૮ | પોલીસ વર્ધી | ૩૦ |
| ૯ | મેડીકલ ઓફીસર ને મેડીકલ સર્ટી. આપવા કરેલ યાદી | ૩૧ |
| ૧૦ | ગુનાવાળી જગ્યાનુ પરીક્ષણ પંચનામુ | ૩૩ |
| ૧૧ | ફરીયાદ | ૩૭ |
| ૧૨ | ઈજાપામનારના લોહીવાળા કપડાં અને ઈજા અંગેનુ પંચનામુ | ૪૩ |
| ૧૩ | આરોપીઓની શરીર સ્થિતી તથા કપડાનું પંચનામું | ૪૬ |
| ૧૪ | ગુનાના કામે ઉપયોગ કરેલ હથિયારનુ પંચનામું | ૪૮ |
| ૧૫ | ગુનાના કામે કંઈક બતાવવા અને કહેવા માંગતા હોય તે અંગેનુ પં ચનામુ | ૫૧ |
| ૧૬ | ગુનાના કામે કંઈક બતાવવા અને કહેવા માંગતા હોય તે અંગેનુ પં ચનામુ | ૫૮ |
| ૧૭ | સ્ટેશન ડાયરીની નકલ | ૬૨ |
| ૧૮ | ટેલીફોન વર્ધી | ૬૫ |
| ૧૯ | ફરીયાદી સાહેદના બ્લડ સેમ્પલ મેળવવા કરેલ યાદી | ૬૬ |

| | | |
|---|---|---|
| ૨૦ | ગુનાવાળી જગ્યાનો નકશો ત્રણ નકલમા તૈયાર કરી આપવા કરેલ યાદી | ૬૭ |
| ૨૧ | રવાનગી પત્રક | ૬૮ |
| ૨૨ | એફ.એસ.એલ. ની પહોચ | ૬૯ |
| ૨૩ | જાહેરનામુ | ૭૦ |
| ૨૪ | જાહેર રીપોર્ટ | ૭૧ |
| ૨૫ | વી.એચ.એફ. મેસેજ | ૭૨ |
| ૨૬ | સુચીપત્ર | ૭૩ |
| ૨૭ | એફ.એસ.એલ.નો ફોવર્ડીગપત્ર | ૭૪ |
| ૨૮ | એફ.એસ.એલ.નો રીપોર્ટ | ૭૫ |

(૬) ત્યારબાદ વિ. સરકારી વકીલશ્રીએ **આંક–૭૬** થી ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયેલાની પુરશીસ આપેલી છે.

(૭) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં આરોપીઓનો વિશેષ ખુલાસો ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળ લેવામાં આવેલ છે. આરોપી સામે જે આક્ષેપો કરવામાં આવેલા છે તે તમામ આક્ષેપોનો આરોપીઓએ ઈન્કાર કરેલો હતો. બચાવપક્ષ તરફે કોઈ સાક્ષી તપાસેલા નથી કે સોગંદ ઉપર પુરાવો રજૂ કરેલો નથી. વિશેષમાં એવી રજુઆત કરેલી કે, કહેવાતો કોઈ બનાવ બનેલ નથી તથા તેઓ તદન નિર્દોષ છે અને તેમના વિરુધ્ધ ખોટી ફરીયાદ કરેલ હોવાની હકીકત જણાવેલ છે.

(૮) ત્યારબાદ બંને પક્ષના વિદવાન ધારાશાસ્ત્રીશ્રીઓની લં બાણપુર્વક મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. સદરહું બંને પક્ષોની તમામ રજુઆત કેસના આખરી નિર્ણય કરતી વખતે ઘ્યાને લેવામાં આવેલ છે.

(૯) આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,તા.૨૧/૦૨/૨૦૨૪ ના કલાક ૧૩/૩૦ વાગ્યાના સુમારે મોજે. પેટલાદ, કલાલ પીપળ ખાતે ફરીયાદીના સસરા લીયાકતમીયા ઉર્ફે એલ.કે. નાઓએ નાસીરોદીન ઉર્ફે નાસીરમીયા નાઓને અગાઉ રૂા.૬૨,૦૦૦/- હાથ ઉછીના આપેલા. જે પૈસાની ફરીયાદીના સસરા લીયાકતમીયા ઉર્ફે એલ.કે. પાસે ઉપરાણી કરતા આરોપી નં. ૫ નાએ બોલાચાલી ઝઘડો કરેલ જેથી આરોપી નં.૫ નાનુ ઉપરાણુ લઈ તમામ આરોપીઓ એકસંપ થઈ જીવલેણ હથિયારો ધારણ કરી ફરીયાદીના પતિ મોહસીનમીયા ને માહીર ફરીદોદીન ઉર્ફે દાઢી તથા રફીક ઉર્ફે કાળીયો કાળુમીયા નાઓએ ધારીયા વડે મારી નાખવાના ઈરાદે માથાના ભાગે ગં ભીર ઈજાઓ કરી તેમજ આરોપી ઈરફાન ઉર્ફે ભુરો નાઓએ સ્ટીલની પાઈપ તથા મુસ્તકીમોદીન ઉર્ફે ભુરીયો તથા સાહેબમીયા ઉર્ફે ભડકો તથા મોહંમદસોફીન ઉર્ફે ખટી ચાવળાએ લાકડીઓથી શરીરે માર મારી તથા ફરહાનોદીન ઉર્ફે કાટી એ ચપ્પુ વડે ડાબા પગે જાંઘ ઉપર ઈજા કરી લોહી કાઢી તેમજ ફરીયાદીને ફરીદોદીન ઉર્ફે દાઢી નાઓએ લાકડી માથાના ભાગે ઈજા કરી તથા લીયાકતમીયા ઉર્ફે એલ.કે. ને નાસીરોદીન નાએ લાકડી વડે જમણા ગાલ ઉપર ઈજા કરી તમામ આરોપીઓએ ફરીયાદી સાહેદોને ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી મે. અધિ જીલ્લા મેજી. સાહેબ આણંદ ના જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૭ ,૩૨૪ ,૩૨૩ , ૫૦૪ , ૫૦૬(૨) ,૧૪૩ , ૧૪૭ ,૧૪૮ ,૧૪૯

તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૧૦) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે :–

(૧) **ન કા ર માં.**

(૨) **આખરી હુકમ મુજબ.**

**– : : નિ ર્ણ ય મા ટે ના કા ર ણો : : –**

**મુદ્દા નંબર–૧ અને ૨ :–**

**ફરિયાદીનો પુરાવોઃ–**

(૧૧) ફરીયાદપક્ષ તરફથી સાહેદ નં.૮ થી ફરીયાદી નાજીયાબાનુ મોહસીનમીયા મલેકને આંક–૩૬ થી તપાસવામાં આવેલ છે અને તેઓ દ્વારા તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, નાસીરોદ્દીન મુનીરોદ્દીન રીક્ષાવાળાને તેમના પતિએ રૂા.૪૦,૦૦૦/–તથા તેમના સસરાએ રૂા.૨૨,૦૦૦/– હાથ ઉછીના આપેલ અને આ પૈસા તેમના પતિએ માંગતા તેઓને આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલ અને આજુબાજુના માણસો ભેગા થઈ ગયેલ હતા અને ધકકા મુકકી થયેલ અને તે ધકકા મુકકીમાં તેમના પતિ પડી ગયેલ અને આર.સી.સી. રોડ બનાવવાના સાધનોથી તેમને ઈજા થયેલ. વધુમાં જણાવે છે કે આ ધકકા મુકકીમાં તેણીને તેમજ તેના સસરા, દિયરને પણ સામાન્ય ઈજાઓ થયેલ અને સારવાર માટે એસ.એસ. હોસ્પીટલ ખાતે લાવેલ અને ત્યાં સારવાર કરાવેલ અને આ બનાવ બાબતે તેઓએ પો.સ્ટે. માં ફરીયાદ આપેલ, જે ફરીયાદ આંક–૩૭ થી રજુ છે. વધુમાં જણાવે છે કે આરોપીઓ પાસે ઉછીના પૈસા માંગવા જતા આરોપીઓએ ધારીયું, લાકડીઓ, ચપ્પુ વગેરે જેવા હથીયારોથી તેણીને તેમજ તેના પતિને તેમજ સસરા, દિયરને માર મારેલ હોય

કે જીવલેણ હુમલો કરેલ હોય તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવું બનેલ નથી.

આમ ફરીયાદી પોતે સોગંદ ઉપરની જુબાનીમાં ફરીયાદ હકીકતોને સમર્થન કરેલ ન હોવાથી ફરીયાદપક્ષે વિ.સરકારી વકીલશ્રી ધ્વારા તેઓને હોસ્ટાઈલ જાહેર કરી કોર્ટની પરવાનગીથી વિ.સરકારી વકીલશ્રી નાઓ ધ્વારા તેઓની વિસ્તૃતપણે ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓએ ફરીયાદ હકીકતોને સમર્થન આપેલ નથી.

તેઓની વિસ્તૃત ઉલટ તપાસ આરોપીપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ છે અને તેમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે આરોપી નાશીરોદ્દીનને તેમના પતિ જોડે હાથ ઉછીના નાણાં બાબતે તકરાર હતી તથા તે નાણાં બાબતે તેમના પતિને નાશીરોદ્દીન જોડે બોલાચાલી થયેલ અને તેમાં ઘણાં બધા માણસો ભેગા થઈ ગયેલ અને તેમાં ધકકા મુકકી થયેલ અને તેમાં પડી જવાથી રોડ બનાવવાની કામગીરીના સાધનો થી તેઓ બધાને ઈજાઓ થયેલ. તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે બનાવમાં ટોળાના માણસોના હાથમાં કોઈ હથીયારો હતા નહિ. તેમજ તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે બનાવમાં સામાન્ય બોલાચાલી થયેલ તથા કોઈએ તેઓને જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવું બનેલ નહિ.

આ કામના ફરીયાદીના પુરાવાનું મુલ્યાંકન કરીએ તો, ફરીયાદીના પતિ તથા સસરાએ નાશીરોદ્દીનને ઉછીના પૈસા આપેલ હતા તે બાબતે તેઓ બધા વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલ અને બોલાચાલીમાં પાડોશીઓ આવી ગયેલ અને ધકકા મુકકી થયેલ અને તેમાં પડી જવાથી તેઓ બધાને ઈજાઓ થયેલ હોવાનું અને તે ઈજાઓ

સબંધે તેઓએ સારવાર લીધેલ હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં તેઓએ ઉલટ તપાસમાં એ હકીકત પણ કબુલ રાખેલ છે કે કહેવાતા બનાવ વખતે તેઓને કોઈએ મારીનાંખવાની ધમકી આપેલ નથી તથા બનાવમાં સામાન્ય બોલાચાલી થયેલ હતી. જે તમામ હકીકતો ધ્યાને રાખતા ફરીયાદીના સોગંદ ઉપરના પુરાવા અને તેમણે પોલીસ રૂબરૂ આપેલ ફરીયાદમાં ઘણો વિરોધાભાષ હોવાનું જણાય આવતું હોવાથી આંક–૩૭ થી રજુ થયેલ ફરીયાદ હકીકતો નિ:શંકપણે પુરવાર થયેલ માની શકાય નહિ.

**<u>બનાવના સમર્થનમાં સાહેદના પુરાવા :–</u>**

**(૧૨)** વધુમાં ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૦૯ થી ઈજાગ્રસ્ત સાહેદ મોહસીનમીયા લીયાકતમીયા મલેકને આંક–૩૮ થી તેમજ સાહેદ નં.૧૦ થી ઈજાગ્રસ્ત સાહેદ ટીપુ સુલતાન લીયાકતમીયા મલેકને આંક–૩૯ થી તેમજ સાહેદ નં.૧૧ થી ઈજાગ્રસ્ત સાહેદ લીયાકતમીયા અમીનમીયા મલેકને આંક–૪૦ થી તપાસવામાં આવેલ છે અને તેઓએ તેમની સોગંદ ઉપર જુબાનીમાં નાસીરોદ્દીન મુનીરોદ્દીન રીક્ષાવાળાને મોહસીને રૂા.૪૦,૦૦૦/– તથા લીયાકતમીયાએ રૂા.૨૨,૦૦૦/– હાથ ઉછીના આપેલ અને આ પૈસા પરત માંગતા તેઓને આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલ અને આજુબાજુના માણસો ભેગા થઈ ગયેલ હતા અને ધકકા મુકકી થયેલ અને તે ધકકા મુકકીમાં પડી જવાથી તેઓ બધાને આર.સી.સી. રોડ બનાવવાના સાધનોથી ઈજા થયેલ અને સારવાર માટે એસ.એસ. હોસ્પીટલ ખાતે લાવેલ અને ત્યાં સારવાર કરાવેલ અને આ બનાવ બાબતે નાઝીયાબાનુએ પેટલાદ ટાઉન પો.સ્ટે.માં ફરીયાદ આપેલ અને પોલીસે તે બાબતે તેઓના નામ સરનામા પુછેલ. વધુમાં જણાવે છે કે આરોપીઓ પાસે ઉછીના પૈસા માંગવા જતા

આરોપીઓએ ધારીયું, લાકડીઓ, ચપ્પુ વગેરે જેવા હથીયારોથી તેણીને તેમજ તેના પતિને તેમજ સસરા, દિયરને માર મારેલ હોય કે જીવલેણ હુમલો કરેલ હોય તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવું બનેલ નથી.

આમ સાહેદો સોગંદ ઉપરની જુબાનીમાં ફરીયાદ હકીકતોને સમર્થન કરેલ ન હોવાથી ફરીયાદપક્ષે વિ.સરકારી વકીલશ્રી ધ્વારા તેઓને હોસ્ટાઈલ જાહેર કરી કોર્ટની પરવાનગીથી વિ.સરકારી વકીલશ્રી નાઓ ધ્વારા તેઓની વિસ્તૃતપણે ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓએ પોલીસ રૂબરૂ આપેલ નિવેદનની હકીકતોને સમર્થન આપેલ નથી.

તેઓની વિસ્તૃત ઉલટ તપાસ આરોપીપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ છે અને તેમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે આરોપી નાશીરોદ્દીન જોડે હાથ ઉછીના નાણાં બાબતે તકરાર હતી તથા તે નાણાં બાબતે તેઓને નાશીરોદ્દીન જોડે બોલાચાલી થયેલ અને તેમાં ઘણાં બધા માણસો ભેગા થઈ ગયેલ અને તેમાં ધકકા મુકકી થયેલ અને તેમાં પડી જવાથી રોડ બનાવવાની કામગીરીના સાધનો થી તેઓ બધાને ઈજાઓ થયેલ. તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે બનાવમાં ટોળાના માણસોના હાથમાં કોઈ હથીયારો હતા નહિ. તેમજ તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે બનાવમાં સામાન્ય બોલાચાલી થયેલ તથા કોઈએ તેઓને જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવું બનેલ નહિ.

સદર સાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરીએ તો, નાશીરોદ્દીનને ઉછીના પૈસા આપેલ હતા તે બાબતે તેઓ બધા વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલ અને બોલાચાલીમાં પાડોશીઓ આવી ગયેલ અને ધકકા મુકકી થયેલ

અને તેમાં પડી જવાથી તેઓ બધાને ઈજાઓ થયેલ હોવાનું અને તે ઈજાઓ સંબધે તેઓએ સારવાર લીધેલ હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં તેઓએ ઉલટ તપાસમાં એ હકીકત પણ કબુલ રાખેલ છે કે કહેવાતા બનાવ વખતે તેઓને કોઈએ મારી નાંખવાની ધમકી આપેલ નથી તથા બનાવમાં સામાન્ય બોલાચાલી થયેલ હતી. જે તમામ હકીકતો ધ્યાને રાખતા સદર સાહેદના પુરાવા ઉપર આધાર રાખી આરોપીઓને આક્ષેપીત ગુના માટે તેઓને તકસીરવાન ઠરાવી શકાય નહિ.

**(૧૩)** સદર કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૪ થી જિતેશભાઈ મનુભાઈ ને આંક–૨૧ થી તપાસવામાં આવેલ છે અને તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે હાલ તેઓ એન્જિનીયર તરીકે પેટલાદ નગર પાલકામાં મારી ફરજ બજાવે છે. તા.૧૭.૦૩.૨૦૨૪ના રોજ પી.એસ.આઇ.શ્રી બી.કે.રાઠોડનાઓએ તેઓના ચિફ ઓફીસરશ્રી પેટલાદનાઓને પેટલાદ ટા.પો.સ્ટે.ના ગુના રજીસ્ટર નં.૧૧૨૧૫૦૨૧૨૪૦૧૧૧/૨૦૨૪ના કામે ગુના વાળી જગ્યાનો નકશો તૈયાર કરી આપવા યાદી પાઠવેલી, જે યાદીના અનુસંધાને તેઓના ચિફ ઓફીસરશ્રીની સુચના થી તેઓ ગુનાવાળી જગ્યાએ ગયેલા અને ત્યાં જઈ બનાવવાળી જગ્યાનો નકશો બનાવેલ. તેઓએ તેમની જુબાનીમા આંક ૨૨ થી યાદી તથા આંક ૨૩ થી નકશો રજુ કરેલ છે. તેઓની વિસ્તૃત ઉલટ તપાસ આરોપીપક્ષના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ છે પંરતુ કોઈ લાભદાયક હકીકત મળેલ નથી.

**<u>ડોકટર સાહેદના પુરાવા :–</u>**

**(૧૪)** સદર કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૫ થી ડોકટર સંકેત જયંતકુમાર સેવકને આંક–૧૦ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે તા.૨૧.૦૨.૨૦૨૪ ના રોજ એસ. એસ. જનરલ હોસ્પીટલ, પેટલાદ ખાતે તેમની ફરજ ઉપર હતા ત્યારે ચાર દર્દી

નામે ૧) મોસીનમીયા લીયાકતમીયા મલેક, પુરુષ, ૩૮ વર્ષ, ૨) નાજીયાબાનુ મોસીનમીયા મલેક, સ્ત્રી, ૩૫ વર્ષ, ૩) ટીપુસુલતાન લીયાકતમીયા મલેક, પુરુષ ઉ.વ. ૩૪, ૪) લીયાકતમીયા હમીનમીયા મલેક, ઉ.વ. ૬૦, તમામ રહેવાસી, કલાલ પીપળ, તા. પેટલાદ, જી.આણંદ. નાઓને કલાઇ પીપળ ગામ ખાતે મારા મારી થતાં અત્રેની હોસ્પીટલ ખાતે સારવાર અર્થે આવેલ. ચારેય દર્દીઓએ સરખી હીસ્ટ્રી આપેલ કે '' કળાઇ પીપળ ગામે આશરે ૨૦ થી ૨૫ લોકોએ તેમની ઉપર હુમલો કરેલ. જેમાં પ્રમુખ નામ ઇરફાનભાઇ, માહેર, સોહેલ, મુસ્તાકીમ, ફરીદ ઉર્ફે ભાડી, ફરહાન, નાશીર, રફીક, કાળીયો. આ બનાવ તા. ૨૧.૦૨.૨૦૨૪ના રોજ આશરે બપોરના ૦૧.૩૦ વાગ્યાની આસપાસ બનેલો. સારવાર લેવા આવતા પહેલા તમામ દર્દીઓએ પોલીસને જાણ કરેલી હતી. તેઅોઅે તેમની જુબાનીમા તમામ દર્દી ની ઈજા વિગતવાર જણાવેલ છે. તેઓએ તેમની જુબાનીમા તમામ દર્દી ના મેડીકલ સર્ટીફીકેટ આંક ૨૬ થી આંક ૨૯ થી રજુ કરેલ છે. તેઓએ વધુમા જણાવેલ કે તમામ દર્દીઓને સારવાર આપ્યા બાદ તેઓએ પોલીસ વર્ધી લખાવેલ જે હે.કોન્સ. બળદેવભાઇ હરીભાઇ, બ.નં. ૯૩૪ ના ઓએ નોંધેલ. તેઓએ તેમની જુબાનીમા આંક ૩૦ થી અસલ કેસ પેપર્સ તથા આંક ૩૧ થી સારવાર સર્ટીફીકેટ મેળવવા કરેલ યાદી રજુ કરેલ છે.

તેઓની વિસ્તૃત ઉલટ તપાસ આરોપીપક્ષના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ છે તેમા તેઓએ તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે તમામ ઈજા પામનાર તેમની સમક્ષ પોલીસ યાદી વગર આવેલા. તેઓએ તે હકીકતનો ઇન્કાર કરેલ છે કે તમામ ઈજા પામનારે તેમને હીસ્ટ્રી આપેલાનુ ખોટુ જણાવે છે. તેઓએ તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે હીસ્ટ્રીમાં હુમલો કરનાર વ્યકિંતઓના આખા નામ જણાવવામા આવેલા ન હીતથા ઈજા પામનાર નાઓએ આપેલ હીસ્ટ્રી મુજબ કયાં વ્યકિતના હાથમાં કયુ હથીયાર હતુ તેનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી. તેઓએ તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે ઈજા પામનાર મોસીનમીયા લીયાકતમીયા મલેકને થયેલ ઈજા બાબતે લાઇફ સપોર્ટીગ સીસ્ટમ ઉપર રાખવામાં આવેલ હોય તેવુ બનેલ ન હતુ

તથા મોસીનમીયાના તમામ એકસરે નોર્મલ હતા તથા મોસીનમીયાને થયેલ ઈજા નંબર – ૧ અને ૨ ની ઈજાનુ કોઇ સીટી સ્કેન કરાવવામાં આવેલ ન હતુ. તેઓએ તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે ધારીયાનો એક ભાગ સાર્પ હોય અને બીજો ભાગ બોથર્ડ હોય છે અને મોસીનમીયાને થયેલ ઈજા નં. ૧, ૨ અને ૧૧ સીવાયની ઈજાઓ શરીરના વાઇટલ પાર્ટ ઉપરની ન હતી. તેઓએ તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે મોસીનમીયાને કોઇ ફ્રેકચરની ઈજા જોવા મળેલી ન હતી. તેઓએ તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે નાજીયાબાનુ, ટીપુસુલતાન, લીયાકતમીયા ને કોઇ ફ્રેકચરની ઈજા જોવા મળેલ નહી અને આ ત્રણેય સાહેદોને સાદા પ્રકારની ઈજા હતી. તેઓએ તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેઓના મેડીકલ સર્ટીફીકેટમાં મોસીનમીયાને ૮ ટાંકા લીધેલાનો ઉલ્લેખ કરેલો નથી તથા મોસીનમીયા થયેલ ઈજા નં. ૧ અને ૨ ની ઈજા સખત પદાર્થ ઉપર ફોર્સથી પડવાને કારણે સંભવી શકે તેવી હતી. તેઓએ તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે મોસીનમીયા તથા અન્ય ઈજા પામનારને સોજાની જે ઈજા હતી તે પડવાના કારણે સંભવી શકે તેવી હતી. તેઓએ તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે નાજીયાબાનુને થયેલ ઈજા કોઇ ધારવાળા પથ્થર ઉપર ફોર્સથી પડાવથી થઇ શકે તેવી ઈજા હતી. તેઓએ તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે ટીપુ સુલતાન નાઓની જે ઈજા જોયેલ તે દુ:ખાવાની ઈજા હતી અને ટીપુ સુલતાનને જમણા હાથ તથા જમણા ખભે તેમજ માથાના ટેમ્પોરલ તથા ઓકસીપીટલ ભાગ ઉપર કોઇ સોજો જોવા મળેલ નહી. તેઓએ તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે ચારેય ઈજા પામનાર તેમની પાસે આવ્યા ત્યારે સભાન અવસ્થામાં હતા અને મોસીનમીયાને થયેલ તમામ ઈજાઓ ગંભીર પ્રકારની ન હતી.

ઉપરોકત ડોકટરશ્રીના પુરાવાનું મુલ્યાંકન કરીએ તો તેઓના પુરાવા મુજબ ફરીયાદી તથા સાહેદોઓને થયેલ ઈજા સંબધે તેઓએ સારવાર કરેલ હોવાની હકીકત જણાવેલ છે પરંતુ આ ઈજા મૃત્યુ નીપજાવા શકાય તેવી હોવાની હકીકત ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરી શકેલ નથી.

**એફ.એસ.એલ. અધિકારીનો પુરાવા :–**

**(૧૫)** સદર કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૩ થી એફ.એસ.એલ. અધિકારી અર્ઝનભાઈ નાનજીભાઈ રાઠવાને આંક–૧૯ થી તપાસવામાં આવેલ છે અને તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે ગઇ તા. ૨૨.૦૨.૨૦૨૪ ના રોજ કંટ્રોલથી મેસેજ મળેલ કે પેટલાદ ટાઉન પો.સ્ટે.ના ગુના રજી. નંબર – ૧૧૨૧૫૦૨૧૨૪૦૦૧૧૧/૨૦૨૪ના કામે રાયોટીંગ વીથ ખુનનો પ્રયાશ કરવાનો બનાવ બનેલ. જેથી તેઓ તા.૨૨.૦૨.૨૦૨૪ના કલાક ૧૨/૦૦ થી ૩૦/૦૦ દરમ્યાન બનાવવાળી જગ્યાએ પહોંચેલા અને ત્યાં ત.ક.અમલદાર શ્રી બી.કે. રાઠોડ નાઓ હાજરમા સદર સ્થળનુ અવલોકન કરી સુચનો ત.ક.શ્રીને આપેલા. તેઓએ તેમની જુબાનીમા સ્થળ પરીક્ષણ અહેવાલ આંક ૨૦ થી રજુ કરેલ છે.

તેઓની વિસ્તૃત ઉલટ તપાસ આરોપીપક્ષના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ છે અને તેમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે એ વાત ખરી છે કે સ્થળ પરીક્ષણ માટે નો મેસેજ મને તા.૨૨.૦૨.૨૦૨૪ના રોજ મળેલો અને બનાવ તા. ૨૧.૦૨.૨૦૨૪ના કલાક ૧૩/૩૦ વાગે બનેલો. આ સીવાય કોઇ વિશેષ હકીકત તેમની ઉલટ તપાસમા બહાર આવેલ નથી.

**પંચ સાહેદના પુરાવા :–**

**(૧૬)** વધુમાં હાથ પરના કામે મહત્વના એવા ફરીયાદી તથા ઈજાગ્રસ્ત સાહેદે ફરીયાદપક્ષ ના કેસને સમર્થન કરેલું ન હોય ત્યારે કેસના સમર્થન માટે એકઠો કરાયેલો ગૌણ પુરાવો મુખ્ય પુરાવાના અભાવે લક્ષ ઉપર લઈ શકાય નહી તેમ છતાં ફરીયાદપક્ષે ધ્યાને લઈએ તો, આંક–૧૭ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું તેમજ આંક–૩૩ થી ગુનાવાળી જગ્યાનું પરીક્ષણ પંચનામું તથા આંક–૪૩ થી ઈજાપામનાર ફરીયાદી ના લોહીવાળા કપડાં તેમજ શરીરે થયેલ ઈજાઓનું પંચનામું રજુ રાખેલ છે તથા આંક–૪૬ થી આરોપીઓની શરીર સ્થતિનું પંચનામું તથા

આંક–૪૮ થી ગુનાના કામે વાપરેલ હથિયારનુ પંચનામું તથા આંક–૫૧ અને આંક–૫૯ થી આરોપીઓ રીમાન્ડ દરમીયાન કંઈક કહેવા અને બતાવવા માંગતા હોય તે અંગેનુ પંચનામું અને સદર પંચનામા પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે સદર પંચનામાના પંચ સાહેદોને અનુક્રમે આંક–૧૬, આંક–૧૮,આંક–૩૨, આંક–૩૪, આંક–૪૨, આંક–૪૪, આંક–૪૫, આંક–૪૭, આંક–૪૯, આંક–૫૦, આંક–૫૨, આંક–૫૩, આંક–૫૯, આંક–૬૦, થી સોગંદ ઉપર તપાસેલ છે અને સદર તમામ પંચ સાહેદોએ પોતાના પુરાવામાં પંચનામામાં તેઓની સહી કબુલ રાખેલ છે પરંતુ તે સીવાય પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન કરેલ નથી, જેથી તમામ સાહેદોને ફરી ગયેલા સાહેદ જાહેર કરી લંબાણપુર્વકની ઉલટ તપાસ કરવા છતાં પંચ સાહેદો મારફતે રજુ રાખેલા પંચનામાઓ ફરીયાદપક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે, જેથી સદર પંચનામાઓ ઉપર આધાર રાખી આરોપીઓને આક્ષેપીત ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય નહિ.

**<u>પોલીસ સાહેદના પુરાવા :–</u>**

**(૧૭)** સદર કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૨૨ થી પી. આઈ. કેતનકુમાર દીલીપભાઈ બ્રહ્મભટ્ટને આંક–૬૧ થી તપાસવામાં આવેલ છે અને તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં તેઓના પુરાવામાં આંક–૬૨ સ્ટેશન ડાયરી ની નકલ રજુ કરેલ છે.

**(૧૮)** સદર કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૨૩ થી પી.એસ.આઈ. સુરેન્દ્રસિંહ બળદેવસિંહ ઝાલાને આંક–૬૩ થી તપાસવામાં આવેલ છે અને તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં વધુમાં તેઓએ પુરાવામાં આંક–૩૭ વાળી ફરીયાદ, આંક–૫૦ અને ૫૯ વાળા પંચનામા, આંક–૩૧ વાળી યાદી તેમજ ઉપરોકત તમામ પુરાવાઓમાં રૂબરૂ

પોતાની સહી ઓળખી બતાવેલ છે.

(૧૯) સદર કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૨૪ થી ત.ક. અમલદાર ભુપતસિંહ ખોડુભાઈ રાઠોડ ને આંક–૬૪ થી તપાસવામાં આવેલ છે અને તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે તેમણે લાગતા વળગતા તમામ સાહેદોના નિવેદન લીધેલ. તેઓએ તેમની જુબાનીમા તપાસ દરમ્યાન કરેલ કામગીરી વિગતવાર જણાછેલ છે. પરંતુ હાલના કામે મહત્વના એવા ફરીયાદી નાજીયાબાનુ મલેક નાઓએ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપેલ ન હોવાથી સદર પોલીસ સાહેદોનો પુરાવો ફરીયાદપક્ષને મદદરૂપ થતા હોવાનું જણાય આવતું નથી.

**<u>પુરાવાનું મુલ્યાંકન :–</u>**

(૨૦) આમ ફરીયાદપક્ષે રજુ રાખવામાં આવેલ તમામ મૌખીક તથા દસ્તાવેજી પુરાવા તથા તેની ઉપરોકત ચર્ચાઓના આધારે ઉડાણપુર્વકનું મુલ્યાકન કરવામાં આવે તો માત્ર એટલું જ બહાર આવે છે કે ફરીયાદી તેમજ અન્ય ઈજાપામનાર સાહેદો ને હાથ ઉછીના નાણા બાબતે બોલાચાલી થયેલી હોવાથી તે જગ્યાએ ઘણા બધા માણસોનું ટોળુ ભેગુ થઈ ગયેલ હોય અને બોલાચાલી દરમીયાન ધકકા મુકકી થતા બાજુમાં રોડનું કામ ચાલુ હોવાથી સાધનો વાગવાથી તેઓને માત્ર સામાન્ય ઈજાઓ થયેલી એ સિવાય બીજુ કંઈ જ ન બનેલ હોવાનુ જણાવે છે અને આરોપીઓ પાસે કોઈ જીવલેણ હથિયારો પણ ન હતા તેમજ આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી અને આરોપીઓ તેમના મિત્ર થાય છે. આમ, હાલના કામના આરોપીઓ ધ્વારા તેઓને ઈજા થયેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર આવેલ પુરાવાથી નિ:શંકપણે સાબિત કરી શકેલ નથી.

આમ ફરીયાદ હકીકત મુજબ આ કામના આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭ ,૩૨૪ ,૩૨૩ , ૫૦૪ , ૫૦૬(૨) ,૧૪૩ , ૧૪૭ ,૧૪૮ ,૧૪૯ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના આવશ્યક તત્વો મુજબનો આક્ષેપીત ગુનો કરેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ પુરાવાથી નિ:શંકપણે સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોવાથી મુદદા નં.૧ '' **નકારમાં** '' ઠરાવી મુદદા નં.ર અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

૧. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે આ કામના (૧) ફરહાનોદીન ઉર્ફે કાટી જાકીરોદીન શેખ, રહે. પેટલાદ, ખતીબવાડા, નુરી મસ્જીદ પાસે, તા.પેટલાદ, જી.આણંદ.(ર) માહીરોદીન ફરીદોદીન ઉર્ફે દાઢી શેખ, (૩) ફરીદોદીન ઉર્ફે દાઢી સફીયોદીન શેખ, (૪) ઈરફાનોદીન ઉર્ફે ભુરો નાજીમુદીન કાજી, (૫) નાસીરોદીન ઉર્ફે નાસીરમીયા નાજીમમીયા ઉર્ફે મુનરોદીન શેખ, તમામ રહે. પેટલાદ, તાઈવાડા ઉંચી શેરી, (૬) રફીકોદીન ઉર્ફે કાળીયો સજાઉદીન ઉર્ફે કાળુમીયા શેખ,(૭) મુસ્તકીમોદીન ઉર્ફે ભુરીયો જહીરોદીન શેખ, (૮) સોહેબમીયા ઉર્ફે ભડકો ઉર્ફે સોયેબમોહંમદ મુસ્તકીમોદીન શેખ, ત્રણેય રહે. પેટલાદ, ખતીબવાડા, (૯) મોહંમદસોફીન ઉર્ફે ખટી સલીમોદીન શેખ, રહે. પેટલાદ, મલેકવાડા, નુરી મસ્જીદ સામે, જી.આણંદ.નાઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭ ,૩૨૪ ,૩૨૩ , ૫૦૪ , ૫૦૬(૨) ,૧૪૩ , ૧૪૭ ,૧૪૮ ,૧૪૯ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામના આરોપીઓને આદેશ આપવામાં આવે છે કે, તેઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ રૂા.૧૫,૦૦૦/– જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકામ રજુ કરવા.

૩. મુદામાલ પાવતીમાં દર્શાવેલ તમામ મુદામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમોનુસાર નાશ કરવો.

આ હુકમ આજ રોજ તારીખ–૦૯મી, માહે–એપ્રીલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**(ઝંખના વી. ત્રિવેદી)**

તારીખ :– ૦૯/૦૪/૨૦૨૬ ત્રીજા અધિક સેશન્સ જજ,

સ્થળ :– પેટલાદ. પેટલાદ

**GJ-00676**